ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ઠાસરામાં તંત્રની પોલ ખૂલી | ચિતલાવ-સરદારપુરા ઓગસ્ટમાં બ્રિજ ધરાશાયી થયા બાદ સિંચાઈ અને આરએનબી વિભાગે મૂકેલા સિમેન્ટના ભૂંગળાં અને માટી પાણીમાં ધોવાયા

ઠાસરામાં બ્રિજનું સમારકામ પાણીના પ્રવાહમાં તણાયું, અફસરો ગાયબ!

લોકદેખાડાનું સમારકામ ધોવાતાં ગ્રામજનોનો આક્રોશ

જવાબદારો સામે આકરાં પગલાં ભરવાની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં સરકારી તંત્રની ઘોર બેદરકારી અને નિષ્ફળતાની વધુ એક વરવી વાસ્તવિકતા સામે આવી છે. ચિતલાવથી સરદારપુરા ગામને જોડતો મહત્વનો બ્રિજ ધરાશાયી થયા બાદ, સિંચાઈ અને આરએનબી પંચાયત વિભાગ દ્વારા માત્ર દેખાડા ખાતર કરવામાં આવેલી કામચલાઉ સમારકામની કામગીરી ગઈકાલે કેનાલમાં ફરી પાણીનો પ્રવાહ આવતા જ ધોવાઈ ગઈ છે. તંત્રના કાગળ પરના વચનો પાણીમાં ધોવાઈ જતાં આસપાસના ગ્રામજનોમાં ભારે રોષ અને આક્રોશ ફેલાયો છે.

ઠાસરાના ચિતલાવ-સરદારપુરામાં મહી કેનાલના વધારાના પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલો બ્રિજ ગત ૧૬મી ઓગસ્ટના રોજ અચાનક જ પાણીમાં ગરકાવ થઈને ધરાશાયી થઈ ગયો હતો. જેના કારણે ચિતલાવ અને સરદારપુરા ગામ વચ્ચેનો સંપર્ક કપાઈ જતાં સ્થાનિક લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. એ વખતે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ ફેલાતાં તેમણે સ્થળ પર દોડી આવેલા સિંચાઈ અને આરએનબી વિભાગના અધિકારીનો ઘેરાવો કરીને ઉગ્ર વિરોધ કર્યો હતો.

આથી, લોકોના આક્રોશને શાંત પાડવા માટે આરએનબી વિભાગે સિમેન્ટના ભૂંગળાં તથા સિમેન્ટની થેલીઓ મૂકીને તાત્કાલિક કામગીરી શરૂ કરવાનો દાવો કર્યો હતો, જ્યારે સિંચાઈ વિભાગે માટીકામ કરીને રસ્તો ચાલુ કરી ગ્રામજનોનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ, તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કામગીરી માત્ર કાગળ પર અને દેખાડા પૂરતી જ સીમિત રહી હોય તેમ મહિનામાં જ કેનાલમાં પાણીનો પ્રવાહ આવતા જ તમામ કામચલાઉ કામગીરી પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ હતી. તંત્રએ માત્ર નામ પૂરતી જ કામગીરી કરી હોવાની પોલ ખૂલી જતાં હવે સંબંધિત અધિકારીઓ સ્થળ પરથી ગુમ થઈ ગયા છે. આ પરિસ્થિતિના કારણે બંને ગામના લોકોની હાલાકીમાં ફરીથી મોટો વધારો થયો છે અને જવાબદાર અધિકારીઓ સામે આકરા પગલાં લેવામાં આવે તેવી ઉગ્ર માંગ ઊઠી રહી છે.

પોલ ખૂલતાં જ અધિકારીઓ સ્થળ પરથી ગાયબ !

બ્રિજનું સમારકામ ફરી તૂટી પડતાં વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. તંત્રની લોકદેખાડાની નીતિ છતી થઈ જતાં જ જવાબદાર અધિકારીઓ ઘટનાસ્થળેથી ગાયબ થઈ ગયા છે, જેને પગલે ગ્રામજનોની મુશ્કેલીઓ બમણી થઈ છે.

વિરોધ શમાવવા કરાયેલું કામચલાઉ નાટક

ગત ૧૬મી ઓગસ્ટે બ્રિજ તૂટ્યા બાદ ગ્રામજનોના વિરોધ સામે આરએનબી વિભાગે સિમેન્ટના ભૂંગળાં-થેલીઓ ગોઠવીને અને સિંચાઈ વિભાગે માટીકામ કરીને રસ્તો ચાલુ કરવાનું આશ્વાસન આપ્યું હતું. પરંતુ ગઈકાલે કેનાલમાં પાણી છોડાતાં જ તંત્રનું આ લોકદેખાડાનું તકલાદી સમારકામ ધોવાઈ ગયું છે.

વહેલી સવારે ગંદા કપડામાં લપેટાયેલા બાળકને અજાણી વ્યક્તિ છોડીને ફરાર

નડિયાદના માતૃછાયા આશ્રમ બહાર જ ત્યજી દીધેલું નવજાત શિશુ મળ્યું

૧૦૮ મારફતે સિવિલ ખસેડાતાં જીવ બચ્યો, પશ્ચિમ પોલીસે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

નડિયાદ શહેરમાં આવેલા માતૃછાયા અનાથ આશ્રમના મુખ્ય દરવાજા પાસે આજે વહેલી સવારે આશરે બે કલાક પહેલાં જન્મેલા નવજાત શિશુને કોઈ અજાણી વ્યક્તિ ત્યજીને ફરાર થઈ ગઈ હતી. ખુલ્લામાં માટીમાં રઝળતી હાલતમાં મળેલા અને શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા આ બાળકને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવતાં તેનો જીવ બચી ગયો છે અને તબિયતમાં સુધારો આવ્યો છે.

નડિયાદ સ્થિત માતૃછાયા અનાથ આશ્રમના દરવાજાની જમણી બાજુએ ૧૬મીના રોજ સવારે ૬ વાગ્યાના અરસામાં માટીમાં ગંદા કપડામાં વીંટેલું બાળક આશ્રમના રસોઈયા બહેનની નજરે પડ્યું હતું. તેમણે સંસ્થાના ડાયરેક્ટર મનીષાબેન અને અધિક્ષક સંદિપ પરમારને તુરંત જાણ કરી હતી. બાળક ખુલ્લામાં હોવાથી તેને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હતી અને તેની હાલત નાજુક જણાતી હતી. આથી, સંસ્થાના સંચાલકોએ સમયસૂચકતા દાખવી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બાળકને નડિયાદ સિવિલ હોસ્પિટલના બાળ વિભાગમાં દાખલ કરાવ્યું હતું. સમયસર સારવાર મળતાં હાલ બાળક સંપૂર્ણ સ્વસ્થ છે.

આ ઘટના અંગે નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશન, બાળ કલ્યાણ સમિતિ અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશ પટેલને જાણ કરવામાં આવતાં તેઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. પોલીસે આજુબાજુના વિસ્તારમાં તપાસ શરૂ કરી બાળકને આ રીતે રઝળતું મૂકી જનાર અજાણી વ્યક્તિ સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે.

કાયદેસરની વ્યવસ્થાનો ઉપયોગ કરવા અપીલ

ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે બાળકને આ રીતે ત્યજી દેવાને બદલે કાયદેસરના માર્ગો અપનાવવા. બાળકના સુરક્ષિત સોંપણી કે માર્ગદર્શન માટે ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮, જિલ્લા બાળ સુરક્ષા એકમ, બાળ કલ્યાણ સમિતિ અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

લુણાવાડાથી બાબલીયા ચોકડીનો માર્ગ વન-વે કરાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૬

યાત્રાધામ અંબાજી ખાતે ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનાર ભાદરવી પૂનમના મહામેળામાં જતા પદયાત્રીઓની સુરક્ષા અને સુગમ વાહનવ્યવહાર માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મહિસાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી. વી. લટા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ૧૫મી સપ્ટેમ્બરથી ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન લુણાવાડાથી બાબલીયા ચોકડી સુધીના રસ્તાની ડાબી તરફની એક લેન પદયાત્રીઓની સલામતી અર્થે 'વન-વે' રહેશે. આ ઉપરાંત, પદયાત્રીઓની સલામતી માટે આ માર્ગની ડાબી તરફની બંને લેન પર આવશ્યક સેવાઓ સિવાયના તમામ વાહનો માટે મહત્તમ ગતિમર્યાદા ૩૦ કિલોમીટર પ્રતિકલાક નક્કી કરવામાં આવી છે.

ભેટાવાડામાં કેમિકલયુક્ત પાણીના ત્રાસથી ૨૦થી વધુના મોત

ધોળકામાં મહિલાઓએ સાંસદ દેવુસિંહ સામે જ છાજિયા લીધા

ચૂંટાયેલા પ્રતિનિધિઓની નિષ્ક્રિયતા સામે આક્રોશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

ખેડા લોકસભા ક્ષેત્ર હેઠળ આવતા ધોળકા તાલુકાના ભેટાવાડા ગામમાં ખાનગી કંપનીઓના ઝેરી કેમિકલયુક્ત પાણી અને ધોળકા નગરપાલિકાના દૂષિત પાણીના નિકાલ સામે ગ્રામજનો છેલ્લા ૨૫ દિવસથી સતત આંદોલન ચલાવી રહ્યા છે. ઝેરી પાણીના કારણે કેન્સરથી ૨૦થી વધુ લોકોના મોત થતાં ગ્રામજનો અને મહિલાઓ રસ્તા પર ઉતરી આવ્યા છે.

અમદાવાદ જિલ્લામાં આવતા ભેટાવાડા ગામમાં ખાનગી કંપનીઓ દ્વારા છોડાતા કેમિકલયુક્ત પાણીને કારણે ભૂગર્ભ જળ ઝેરી બની ગયું છે. જેના પરિણામે ગામમાં કેન્સર જેવી ગંભીર બીમારીના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે અને અત્યાર સુધીમાં ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનો આક્ષેપ છે. આ સ્થિતિથી આક્રોશિત ગ્રામજનો સ્વજનોના ફોટા સાથે રસ્તા પર ઉતરીને વહીવટી તંત્ર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી રહ્યા છે.

સ્થાનિક તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યા છે. ખાસ કરીને ખેડા લોકસભા બેઠકના સાંસદ દેવુસિંહ ચૌહાણ પ્રત્યે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે, કારણ કે આટલી વિકટ સ્થિતિ છતાં તેમણે ગામની મુલાકાત લેવાની તસ્દી પણ લીધી નથી. ચૂંટણી સમયે મત માંગવા આવતા નેતાઓ જીત્યા બાદ ગાયબ થઈ જતા હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે.

આ આંદોલનને વધુ ઉગ્ર બનાવતા ગામની મહિલાઓએ રસ્તા પર ઉતરીને સાંસદ દેવુસિંહ ચૌહાણ સામે છાજિયા લીધા હતા. જો સત્વરે કેમિકલયુક્ત પાણી બંધ કરાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ આક્રમક સ્વરૂપ ધારણ કરશે અને લોકો આરપારની લડાઈ લડશે તેવી ચીમકી આપવામાં આવી છે.

વાસદની સોસાયટીઓમાં પણ તાળાં તૂટતાં રહીશોમાં ભય

વાસદમાં બંધ મકાનમાંથી ૧.૦૫ લાખની મતા ચોરાઈ

વાસદ પોલીસે ચોર ટોળકીની તપાસ ઘમધમાવી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

આણંદ તાલુકાના વાસદ ગામે બસ સ્ટેશન પાછળ આવેલી સુંદરવન સોસાયટીમાં ગત ૨૪મી ઓગષ્ટ,૨૦૨૬ની રાત્રે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. મકાનના દરવાજાના તાળાં-નકુચા તોડી અંદર પ્રવેશેલા ચોરો તિજોરીમાંથી ૮૫ હજારની કિંમતના સોના-ચાંદીના દાગીના અને ૨૦ હજાર રોકડા મળી કુલ ૧.૦૫ લાખની મત્તા ચોરીને ફરાર થઈ ગયા છે.

વાસદના સુંદરવન સોસાયટી (મકાન નં. એ-૧) ખાતે રહેતા ઘનશ્યામભાઈ ચંદુભાઈ ભોઈ માતાની બીમારીના કારણે સપરિવાર વતન ગયા હતા. મકાનની દેખરેખ રાખતો તેમનો પુત્ર રાત્રે ઘર બંધ કરીને ગયા બાદ તસ્કરો ત્રાટક્યા હતા. ચોરોએ મુખ્ય દરવાજાની લોખંડની જાળી તથા લાકડાના દરવાજાના નકુચા તોડી બેડરૂમમાં મુકેલી તિજોરી અને કબાટમાંથી આશરે સવા બે તોલા સોનાની બંગડીઓ, બુટ્ટીઓ, ચાંદીના છડા-સેટ અને રોકડ રકમ સાફ કરી દીધી હતી.

અલબત્ત, તે જ રાત્રે સામે આવેલી લક્ષ્મી હોમ સોસાયટી અને નજીકના સુદણ ગામની મધુવન સોસાયટીમાં પણ મકાનોના નકુચા તોડી ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે. સવારે પાડોશીએ દરવાજો તૂટેલો જોતાં મકાનમાલિકને જાણ કરી હતી. ઘનશ્યામભાઈની ફરિયાદના આધારે વાસદ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વડાપ્રધાનના જન્મદિવસે યોજાનારી સેવા યાત્રામાં સ્થાનિક નેતાગીરીએ રમત રમી હોવાનો દાવો

પેટલાદમાં ભ્રષ્ટાચાર સામે લડતા યુવકનું બાઈક યાત્રામાંથી પત્તું કપાયું

રાષ્ટ્રીય યુવા અધ્યક્ષને ઈમેલ કરી તપાસની માંગ કરતાં ભાજપમાં રાજકીય હડકંપ

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે જન્મ દિવસ છે. જે નિમીત્તે વડનગરથી વારાણસી બાઈક યાત્રા પ્રસ્થાન થનાર છે. જેમાં પેટલાદ ભાજપ યુવા મોરચાનો પૂર્વ મહામંત્રી જોડાનાર હતા. તેમનું નામ પસંદગી યાદીમાં સામેલ હતું. પરંતુ છેલ્લી ઘડીએ યુવા કાર્યકરને યાત્રામાંથી નામ બાકાત થતાં રાજકીય વિવાદ ઉભો થયો છે. આ અંગે સ્થાનિક સંગઠનના નેતાઓએ અટકાવ્યો હોવાની ચર્ચાએ જોર પડ્યું છે. આ યુવા કાર્યકરે ભાજપ શાસિત નગર પાલિકાના કથિત ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવ્યો હોવાના કારણે તેનું પત્તું કાપતા હડકંપ મચી જવા પામ્યો છે.

આણંદ જીલ્લામાંથી ભાજપના છ યુવા હોદ્દેદારો અને કાર્યકરોએ બાઈક યાત્રામાં નામ નોંધાવ્યા હતા. જેમાં જયમીનસિંહ રાઉલજી, પાર્થ ત્રિવેદી, મહાવીરસિંહ, દર્શ દવે સહિતના હતા. લગભગ 18 થી 23 દિવસ સુધી ચાલનાર આ યાત્રામાં માત્ર ત્રણ બાઈક ઉપર છ યુવા કાર્યકરો જોડાનાર હતા. પરંતુ વડાપ્રધાન મોદીના જન્મ દિન નિમીત્તે યોજાતી આ યાત્રામાં જોડાનાર દર્શ દવેની યાત્રાને રાજકીય ગ્રહણ નડ્યું હતું.

આ અંગે દર્શ દવેએ જણાવ્યું હતું કે મેં ભાજપમાં પેટલાદ શહેર પૂર્વ મહામંત્રી, પૂર્વ ઉપપ્રમુખ, પૂર્વ ITSM ઈન્ચાર્જ, હિન્દૂ યુવા વાહીની અધ્યક્ષ તરીકે સેવાઓ આપી છે. આમ પેટલાદ શહેરમાં ભાજપના કાર્યકર તરીકે છેલ્લા 15 વર્ષથી કાર્યરત છું. ઉપરાંત ભાજપા યુવા મોરચામાં વિસ્તારક અને મધ્યપ્રદેશ તથા રાજસ્થાન ચૂંટણી પ્રચારમાં પણ કામગીરી કરેલ છે. પેટલાદ શહેરમાં વડાપ્રધાનની કેન્દ્ર સરકાર દ્વારા જનઉયોગી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અસંખ્ય આયુષ્યમાન કાર્ડ, શ્રમ કાર્ડ, વિધવા સહાય, અટલ પેંશન યોજના જેવા અનેક યોજનાઓ માટે કેમ્પ કરેલા છે. પેટલાદ નગરપાલિકાની ગત 2.5 વર્ષના સમયગાળા દરમ્યાન થયેલા અધધધ ભ્રષ્ટાચારના વિરુદ્ધમાં મેં પાલિકાના વહીવટદારો વિરુદ્ધ લડત શરૂ કરી હતી, જે અત્યારે પણ ચાલુ જ છે.

દર્શ દવેએ વધુમાં જણાવ્યું હતું કે, મને વડાપ્રધાનની દેશસેવાના 25 વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે વડનગરથી વારાણસીની સેવા યાત્રા વિશે જાણ થઈ હતી. જેથી મેં એ માટે જીલ્લા યુવા મોરચાના મહામંત્રી જયમીનસિંહને નામ નોંધાવ્યું હતું. આ યાત્રા માટે દરેક જરૂરી દસ્તાવેજો ગઈકાલે સવારે જમા કરાવ્યા બાદ ગઈકાલે રાત્રે મારુ નામ પ્રદેશ દ્વારા કોઈ કારણોસર યાત્રામાંથી રદ થવાની જાણ અમારા જીલ્લા યુવા મોરચાના મહામંત્રી દ્વારા મને કરવામાં આવી હતી.

નાપા (તળપદ)માં માથાભારે શખ્સે સગીરાની છેડતી કરી

શાળાએથી આવતી-જતી વેળાએ બુલેટ અડફેટે લેવાનો પ્રયાસ કરી ભયભીત કરતો હતો

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૬

બોરસદ તાલુકાના નાપા (તળપદ) ગામમાં ૧૩ વર્ષની સગીર વયની વિદ્યાર્થિનીનો પીછો કરી, છેડતી કરવા તેમજ ગંભીર ધમકીઓ આપવાના મામલે રેહાનખાન ઈમરાનખાન પઠાણ સામે બોરસદ રૂરલ પોલીસ મથકે ગુનો નોંધ્યો છે.

નાપા (તળપદ)ની સગીરા સ્કૂલે અવરજવર કરતી હતી. ગત ૧૧મી સપ્ટેમ્બર,૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧ વાગ્યાની આસપાસ સગીરા સ્કૂલેથી ઘરે પરત ફરી રહી હતી, તે સમયે નાપા (તળપદ) ખાતે રહેતા આરોપી રેહાન ઈમરાનખાન પઠાણે પોતાની પાસેનું બુલેટ બાઈક સગીરા નજીક જોખમી રીતે ઘસી લાવીને તેને ભયભીત કરી સતામણી કરી હતી.

આમ, રેહાન છેલ્લા છ મહિનાથી અવારનવાર સગીરાના મોબાઈલ પર ફોન કરીને પોતાની સાથે વાતચીત કરવા દબાણ કરતો હતો. સગીરા વાત કરવાની ના પાડતી હોવાથી આરોપીએ "જો તું મારી સાથે નહીં બોલે તો તારા મમ્મી-પપ્પાને માર મારીશ અને તને ભગાડી જઈશ" જેવી ગંભીર ધમકી આપી હતી. સતત ત્રાસ અને ધમકીઓથી કંટાળીને આખરે પરિવારજનોએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. સગીરાના પરિવારજનોની ફરિયાદના આધારે બોરસદ રૂરલ પોલીસે આરોપી રેહાન ઈમરાનખાન પઠાણ સામે ગુનો નોંધ્યો છે.

ચારુસેટમાં ગણેશ મૂર્તિ નિર્માણ વર્કશોપ : માટીને આકાર આપી સર્જાઈ 'દિવ્યતા'

ક્રિશ્ચિયન અને મુસ્લિમ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કોમી એખલાસનું ઉદાહરણ પુરુ પાંડ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

ચરોતરમાં ગણેશોત્સવના પાવન પર્વને સર્જનાત્મકતા, કળા અને સાંસ્કૃતિક અભિવ્યક્તિ સાથે જોડવાના હેતુથી ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ઈન્દુકાકા ઈપ્કોવાલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અને ચરોતર ઈન્સ્ટિટ્યૂટ ઑફ લેંગ્વેજિસ, આર્ટ્સ એન્ડ સોશિયલ સ્ટડીઝના સંયુક્ત ઉપક્રમે 'શેપિંગ ડીવીનિટીઃ ધ આર્ટ ઓફ ક્રિએટીંગ ગણેશા ફ્રોમ ક્લે' વિષય પર હેન્ડ્સ-ઓન ક્રિએટિવ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈઆઈઆઈએમ બિલ્ડીંગના સેન્ટ્રલ સ્ક્વેરમાં યોજાયેલા આ વર્કશોપમાં વિવિધ 10 સંસ્થાઓના 76 વિદ્યાર્થીઓએ ભાગ લઈને ગણેશજીની કુલ 37 મૂર્તિઓનું સર્જન કર્યું હતું.

આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પરંપરાગત માટીકામ અને ક્લે મોડેલિંગની કળાનો પરિચય કરાવવાની સાથે તેમની સર્જનાત્મકતાને અભિવ્યક્ત કરવાની તક આપવાનો હતો. એક્સપર્ટસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ માટીમાંથી ભગવાન ગણેશની મૂર્તિ બનાવવાની વિવિધ મૂળભૂત ટેક્નિક્સ શીખી હતી અને હસ્તકૌશલ્ય તથા કલ્પનાશક્તિનો પરિચય આપ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાના હાથથી ગણેશજીની મૂર્તિ તૈયાર કરીને Come, shape the clay, explore your creativity, and shape divinity!" ના સંદેશાને સાકાર કર્યો હતો.

આ પ્રસંગે ચારુસેટના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલે પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, આ વર્કશોપ માત્ર ક્રીયેટીવીટી માટે જ નહીં પરંતુ ધાર્મિક હેતુ તેમજ કોમી એખલાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ ઈવેન્ટના કન્વીનર તરીકે આઈઆઈઆઈએમના પ્રિન્સીપાલ ડો. રેશમા સાબ્લે, એફએમએસના ડીન ડો. રાજેશ સાધવાની તથા પ્રિન્સિપાલ અને ડીન ડો. ભાસ્કર પંડ્યા રહ્યા હતા.

સામ્પ્રત સમયમાં કોમી એખલાસની મિશાલ

ચારુસેટના આ મૂર્તિ નિર્માણ વર્કશોપની સૌથી વિશેષ અને પ્રેરણાદાયી બાબત એ રહી કે તેમાં હિન્દુ વિદ્યાર્થીઓ સાથે ક્રિશ્ચિયન અને મુસ્લિમ વિદ્યાર્થીઓએ પણ અત્યંત હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો. ધાર્મિક સીમાડાઓથી પર રહીને તમામ વિદ્યાર્થીઓએ સાથે મળીને માટીમાંથી દિવ્યતાને આકાર આપ્યો હતો અને આજના સામ્પ્રત સમયમાં પરસ્પર પ્રેમ અને કોમી એખલાસનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225